૬૦૧ / ૪,૦૨૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૭ જૂન, ૨૦૦૭)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

**વિભાગ-૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - દસમી આવૃત્તિ, જુલાઈ ૨૦૦૬**

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** (૬ ગુણ)
૧. અક્ષરબ્રહ્મ : ધામરૂપે ૧૦૫
૨. ગુણાતીત સંતનાં લક્ષણો : વચનામૃતના આધારે ૮૩
૩. પુરુષોત્તમ નારાયણ સર્વત્ર વ્યાપક થકા મૂર્તિમાન છે. ૧૬
૪. સર્વ કર્તા-હર્તા સમજવાની આવશ્યકતા ૭

**પ્રશ્ન.૨. પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫ ગુણ)
૧. બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. ૩૦
૨. अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् । ૨૪
૩. બોલતાં-ચાલતાં જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય. ૬૬
૪. ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે સંપૂર્ણ છે, તેને અરૂપ કહેવા એ જ ભગવાનનો દ્રોહ છે. અને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજે છે તે પણ ભગવાનનો દ્રોહી છે. ૧૧
૫. એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા, જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા. ૯૦

**પ્રશ્ન.૩. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : પરમહંસોનાં પદોમાં ૩૯
(૧) ☐ જે છે મન વાણી ને અગમ, તે તો આજ થયા છે સુગમ (૨) ☐ ક્ષર અક્ષર થકી એ તો પર છે જો
(૩) ☐ જીવ ઈશ્વર તણો રે માયા કાળ પુરુષપ્રધાન (૪) ☐ મારી દૃષ્ટિએ જક્ત ઉપજે શમે, અનેક રૂપે માયા થઈ

૨. પરબ્રહ્મ બ્રહ્મને લીન કરે તે રીત બતાવતાં દૃષ્ટાંતો ૧૧૧
(૧) ☐ લાકડામાં અગ્નિનો પ્રવેશ (૨) ☐ લોઢામાં અગ્નિનો પ્રવેશ
(૩) ☐ બરફમાં અગ્નિનો પ્રવેશ (૪) ☐ સૂર્યના પ્રકાશમાં તારા-ચંદ્રનો પ્રકાશ લીન

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો.** (૪ ગુણ)
૧. હું તમારામાં અખંડ રહ્યો છું. ૮૦
૨. સ્વામીની મોટપ - અનાદિની ૧૨૦
૩. પર્વતભાઈને ચોવીસ અવતારનાં દર્શન ૪૭

**પ્રશ્ન.૫. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)
૧. 'સ્વામી અક્ષર છે' જીવન અને કાર્યને આધારે ૧૩૮
૨. ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે છે તેથી બીજું કાંઈ ભૂંડું નથી. ૨૬
૩. અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ૧૦૩
૪. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત ૭૧

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)
૧. સોરઠ દેશમાં અવતારો, દેવ-દેવી, મંત્ર-તંત્ર, દોરા-ધાગાનો ભાર રહ્યો નહિ. ૧૩૯
૨. મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને દૂર મોકલવા અનિચ્છા દર્શાવી. ૧૧૯
૩. શિવલાલ શેઠ ગુણાતીતાનંદ સ્વામી પાસે વ્યવહાર અને મોક્ષ બંને શીખવા ગયા. ૧૨૯
૪. શાસ્ત્રમાં કેટલાય ભક્તો અને અવતારોએ પોતાના માટે પરભાવના-પુરુષોત્તમ ભાવના શબ્દો કહ્યા છે. ૫૮

**પ્રશ્ન.૭. ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો.** (૭ ગુણ)
(ઉપાસનામાં શું સમજવું ?)
૧. આપણી ઉપાસના અક્ષરે ....... બે ચરણની જ છે. ૧૪૩
૨. અક્ષરબ્રહ્મ પણ ધામમાં ....... નિર્ગુણ કરી મૂકે છે. ૧૪૩
૩. સગુણપણું અને ....... અતિશય સૂક્ષ્મ છે. ૧૪૩
૪. પુરુષોત્તમનારાયણની જેમ ....... છે. ૧૪૩
(ઉપાસનામાં શું ન સમજવું ?)
૧. એકલા પુરુષોત્તમ જ છે ....... નથી, તેમ ન સમજવું. ૧૪૪

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૭ જૂન, ૨૦૦૭; પરીક્ષા : સત્સંગ પ્રવીણ-૧; માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

૬૦૧

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

૨. જીવાત્મા ....... જુદા નથી, તેમ ન સમજવું. ૧૪૪

૩. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ....... કહી શકાય, તેમ ન સમજવું. ૧૪૫

**પ્રશ્ન.૮. વિસ્તારથી નોંધ લખો.** **(૫ ગુણ)**

૧. ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે એ વાતની શાસ્ત્રીજી મહારાજે કરેલી ચકાસણી ૧૩૦

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - છઠ્ઠી આવૃત્તિ, માર્ચ ૨૦૦૬ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - ચતુર્થ આવૃત્તિ, જુલાઈ ૨૦૦૬

**પ્રશ્ન.૯. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને કયારે કહે છે તે લખો.** **(૯ ગુણ)**

૧. ''નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત તો કોઈથી પણ પળાય તેમ નથી.'' (સ.વા. ભાગ-૩) **અથવા** ૧૫

૨. ''આપને ધન ભેગું કરીને બીજો શો ઉપયોગ કરવાનો હતો ?'' (સ.વા. ભાગ-૩) ૪૩

૩. ''પ્રભુ !, મને આપનાં ચરણોમાં રાખી લો.'' (સ.વા. ભાગ-૩) **અથવા** ૩૦

૪. ''સંસ્કાર કેળવશો તો આ નળિયાં સોનાનાં થતાં વાર નહીં લાગે.'' (યુગવિભૂતિ) ૪૭

૫. ''અમને વિશ્વાસ છે કે અમારી પ્રાર્થના કામ કરે જ છે !'' (યુગવિભૂતિ) **અથવા** ૫૫

૬. ''તેને બહાર પણ નહીં જવા દેતા, લોકો લાકડીઓ લઈને ઊભા છે.'' (યુગવિભૂતિ) ૪૧

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. વજેસંગ બાપુએ ભગા દોશીને તેની મરજી પ્રમાણે વર્તવા અનુમતિ આપી. (સ.વા. ભાગ-૩) **અથવા** ૬૫

૨. કુશળકુંવરબાને શ્રીજીમહારાજના સ્વરૂપમાં પ્રતીતિ થઈ. (સ.વા. ભાગ-૩) ૫૦

૩. રતનસિંહની વેદના જીવનની અણમોલ અને અપૂર્વ આનંદની ક્ષણ બની ગઈ. (યુગવિભૂતિ) **અથવા** ૪૯

૪. સ્વામીશ્રીએ ભગવદ્‌ચરણ સ્વામીને ઠાકોરજીની મર્યાદા જાળવવાનું કહ્યું. (યુગવિભૂતિ) ૨૧

**પ્રશ્ન.૧૧. નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. ધર્મપારાયણ ખુશાલ ભક્તનું બાળપણ (સ.વા. ભાગ-૩) **અથવા** ૧ થી ૩

૨. ભાગ્ય જાગ્યાં રે આજ..... કીર્તનનો ભાવાર્થ લખો. (સ.વા. ભાગ-૩) ૩૯

૩. શાહી સન્માન - શાહી અપમાન. (યુગવિભૂતિ) **અથવા** ૨૬, ૨૭

૪. ભાષાના બંધનથી પર (યુગવિભૂતિ) ૨૫

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **(૫ ગુણ)**

૧. પર્વતભાઈ શ્રીજીમહારાજના ઢોલિયાથી દૂર શા માટે બેઠા ? (સ.વા. ભાગ-૩) ૬૨

૨. ગોપાળાનંદ સ્વામીએ સત્સંગમાં કઈ અમૂલ્ય સાહિત્ય સેવા આપી ? (સ.વા. ભાગ-૩) ૧૧

૩. ગઢડામાં અક્ષરઓરડી કોણે બનાવેલી છે ? (સ.વા. ભાગ-૩) ૩૬

૪. શ્રી કાર્લોસવેગાને સ્વામીશ્રીને મળતાં શાનો અનુભવ થયો ? (યુગવિભૂતિ) ૨૩

૫. યોગીજી મહારાજે ભક્તોને નિર્દેશીને શું કહ્યું હતું ? (યુગવિભૂતિ) ૭

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** **(૮ ગુણ)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. કુશળકુંવરબાની સમર્પણભક્તિ (સ.વા. ભાગ-૩) ૫૩, ૫૪

(૧) ☐ મહારાજ અને સંતોને નિત્ય નવીન થાળ જમાડતા. (૨) ☐ રાજ્ય અર્પણ કરવા તત્પર થયા.

(૩) ☐ મહારાજ છૂટી ધારે ઘી પીરસતા તે જોઈ આનંદ પામતા. (૪) ☐ પૌત્ર વિજયદેવને પરમહંસ કરવા અર્પણ કર્યો.

૨. પર્વતભાઈની સંતો સાથે કેવી આત્મબુદ્ધિ (સ.વા. ભાગ-૩) ૬૧

(૧) ☐ મારે તો નિયમ છે. (૨) ☐ મહારાજે મારો સંકલ્પ સત્ય કર્યો.

(૩) ☐ તમે તો દાદાખાચરના ગોલા થશો. (૪) ☐ મારા ઈષ્ટદેવ જમે પછી જમાય.

૩. પ્રમુખસ્વામીનું આધ્યાત્મિક પાસું (યુગવિભૂતિ) ૧૧

(૧) ☐ પરાભક્તિથી છલકતું અહંશૂન્ય ભક્તહૃદય (૨) ☐ કુદરતી આફતોમાં મદદે દોડી જનાર.

(૩) ☐ માન મોટપની કોઈ આશા-અપેક્ષા નહીં. (૪) ☐ માલિકીનો કોઈ દાવો કે હક્ક નહીં.

૪. શાસ્ત્રીજી મહારાજના હૈયાનું રતન : નારાયણસ્વરૂપદાસજી (યુગવિભૂતિ) ૮, ૯

(૧) ☐ શુદ્ધ પંચ વર્તમાન અને અનન્ય ગુરુ ભક્તિ (૨) ☐ અક્ષર પુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્તિ

(૩) ☐ તા. ૧૦/૧/૧૯૩૯માં ભાગવતી દીક્ષા (૪) ☐ પાદરામાં જન્મ

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૪. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** **(૧૫ ગુણ)**

૧. આદર્શ ગુરુ - શિષ્ય : B.A.P.S.ની વિશેષતા ૨. દેશનું સાચું ધન - સંસ્કારી યુવાન

૩. ઝોળી ઉપર મુસ્તાક રહીને મંદિરો : શાસ્ત્રીજી મહારાજના જીવનમાં સાર્થક થતી ઉક્તિ

**નોંધ :- ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૦૭ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋